# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:-05 તા.20-08-2021

**પ્રધાનમંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ગુજરાતના શ્રી સોમનાથ મંદિરમાં વિવિધ વિકાસ યોજનાનું ઉદ્ઘાટન કર્યું અને શિલાન્યાસ કર્યો**

---

**કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ પણ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ઉપસ્થિત રહ્યાં**

---

**શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, વર્ષ 2010માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી સોમનાથ ટ્રસ્ટ સાથે જોડાયા પછી આ તીર્થક્ષેત્રના સર્વાંગીણ વિકાસ માટે તેમણે અનેક પ્રયાસો કર્યા છે**

---

**આ જ્યોતિર્લિંગ દેશની સાથે દુનિયાભરના કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે**

---

**સોમનાથ ધામમાં અન્ય તીર્થસ્થાનોનો જીર્ણોદ્ધાર કરવો, તેમને યાત્રાળુઓની સુવિધાઓની દ્રષ્ટિએ સંપૂર્ણ સુવિધાયુક્ત બનાવવા અને તેમને પર્યટનના નકશા પર જાણીતા કરવા પ્રધાનમંત્રીજીએ બહુ મોટી પહેલ કરી હતી, જેના પરિણામ આજે મળ્યાં છે**

---

**સોમનાથ અને અહીંની આરતીના દર્શન શ્રદ્ધાળુઓ ડિજિટલ કરી શકે એ માટે પણ પ્રધાનમંત્રીશ્રીએ ઘણી વાર આગ્રહ કર્યો અને એના પર નજર રાખી હતી. પરિણામે આજે ડિજિટલ આરતીના દર્શનોમાં સોમનાથ ટોચના સ્થાને છે**

---

**સોમનાથ મંદિર વિનાશ પર સર્જનનાં વિજયનું પ્રતીક છે, અનેક વાર આતતાયીઓએ શ્રદ્ધાના આ કેન્દ્ર પર હુમલાઓ કર્યા છે, પણ દરેક સમયે આ મંદિર વધારે ભવ્યતા સાથે ઊભું થયું છે અને અત્યારે વિશ્વ સામે એનું એક ભવ્ય અસ્તિત્વ આપણે જોઈ રહ્યાં છીએ**

---

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

## 2014માં પ્રધાનમંત્રી બન્યા પછી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશભરના તમામ ધર્મના યાત્રાધામોને પ્રસાદ યોજના અંતર્ગત લાવીને એના માળખા અને એની આસપાસ યાત્રાળુઓને સુવિધાઓના વિકાસ પર ધ્યાન આપ્યુ છે

પ્રધાનમંત્રી અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈમોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ગુજરાત ના શ્રી સોમનાથ મંદિરમાં સમુદ્ર દર્શન પથ, સોમનાથ પ્રદર્શન કેન્દ્ર, અને જૂના સોમનાથ મંદિરના પુનર્નિર્મિત પરિસરનું ઉદ્ઘાટન કર્યું હતું તેમજ શ્રી પાર્વતી માતા મંદિરનો શિલાન્યાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં વરિષ્ઠ નેતા શ્રી લાલકૃષ્ણજીઅડવાણી, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ, કેન્દ્રીય પર્યટન રાજ્ય મંત્રીશ્રીપાદયે સોનાઈ, ગુજ રાતના મુખ્યમંત્રી શ્રી વિજય રુપાણી અને અન્ય ગણમાન્ય વ્યક્તિઓ પણ સામેલ થયા હતા.

આ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહે તેમના સંબોધનમાં કહ્યું હતું કે, વર્ષ 2010માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈમોદીજી સોમનાથ ટ્રસ્ટ સાથે જોડાયા હતા અને આ વિસ્તારના સર્વાંગીણ વિકાસ માટે ઘણા ઉમદા પ્રયાસ કર્યા છે તેમજ આ યાત્રાદામની આસપાસના સંપૂર્ણ વિસ્તારનો એક ઝોન બનાવીને એનો વિકાસ રાજ્ય સરકારના માધ્યમથી કરવામાં આવ્યો છે. સોમનાથ મંદિરમાં સ્વચ્છતા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સોમનાથ દેશના ગણ્યાંગાઠ્યાં મંદિરોમાંથી એક છે, જ્યાં ટ્રસ્ટ તરફથી સ્વચ્છતા પર પર્યાપ્ત ધ્યાન આપવામાં આવે છે.

શ્રી અમિતભાઈશાહે કહ્યું હતું કે, આ જ્યોતિર્લિંગ દેશની સાથે દુનિયાભરના કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, સોમનાથ યાત્રાધામમાં અન્ય તીર્થસ્થાનોનો પણ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે, તેમને યાત્રાળુઓની સુવિધાઓની દ્રષ્ટિએ સંપૂર્ણ સુવિધાયુક્ત બનાવવામાં અને તેમને પર્યટનના નકશા પ ર જાણીતા કરવા પ્રધાનમંત્રીજીએ બહુ મોટી પહેલ કરી હતી, જેનું પરિણામ આજે મળ્યું છે. સોમનાથ અને અહીં ની આરતીના દર્સન શ્રદ્ધાળુઓ ડિજિટલ માધ્યમો થકી કરી સકે એ માટે પ્રધાનમંત્રીએ ઘણી વાર આગ્રહ કર્યો અ ને એનું મોનિટરિંગ પણ કર્યું હતું. પરિણામે અત્યારે ડિજિટલ આરતીના દર્શનોમાં સોમનાથ ટોચના સ્થાને છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સોમનાથ મંદિર વિનાશ પર સર્જનના વિજયનું પ્રતીક છે. અનેકવાર આક્રમણખોરોએ આસ્થાનાં કેન્દ્ર પર હુમલા કર્યા, પણ વિનાશ કરનારા આતતાયીઓ કરતા આસ્થા ધરાવતા શ્ર દ્ધાળુઓની શક્તિ વધારે હોય છે અને દરેક સમયે આ મંદિરનું નિર્માણ વધુ ભવ્યતા સાથે થયું છે. આજે વિશ્વની સામે એનું એક ભવ્ય અસ્તિત્વ જોઈ રહ્યાં છીએ.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, વર્ષ **2014**માં પ્રધાનમંત્રી બન્યા પછી શ્રી નરેન્દ્રભાઈમોદીજીએ દેશભર ના તમામ યાત્રાધામોને પ્રશાદ યોજના **(PRASHAD- Pilgrimage Rejuvenation and Spiritual, Heritage,Augmentation Drive)**અંતર્ગત લાવીને એના માળખા અને એની આસપાસ યાત્રાળુઓની સુવિ ધાઓ પર ધ્યાન આપ્યું હતું. છેલ્લાં સાત વર્ષમાં ઘણા યાત્રાધામોને પ્રશાદ યોજનાનો લાભ મળ્યો છે અને દરેક ધર્મના શ્રદ્ધાળુ પોતપોતાના યાત્રાધામો પર પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી રહ્યાં છે. તેમણે કહ્યું હતું કે, અરબ સાગર ના કિનારા પર સ્થિત આ સ્થાન પર દોઢ કિલોમીટર લાંબો અને આઠ મીટર પહોળો એક કોરિડોર બનાવવામાં આવ્યો છે અને સાંજના સમયે યાત્રાળુઓ સહપરિવાર અહીં આવીને પર્યટન કેન્દ્રનો અનુભવ મેળવશે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સોમનાથના વિકાસ માટે મોદીજીનાં નેતૃત્વમાં શ્રી સોમનાથ ટ્રસ્ટે અનેક કામગીરીઓ શરૂ કરી છે અને તેમને પૂરો વિશ્વાસ છે કે, આ કામગીરીઓ સમયસર પૂર્ણ થશે.

ડૉ.યજ્ઞેશ દવે

(પ્રદેશ મિડિયા કન્વીનર)

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

